# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૪૮ તા.૧૯.૦૩.૨૦૨૨

૨003ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૦/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી અવનીષભાઈ ભાવેશભાઈ બારાઈ ગામ – પોરબંદર

સબડીવીઝન: કમલાબાગ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: બુધવાર (૨૩-૦૨-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ પોરબંદર ના વાડી પ્લોટ ખાતે નવા બનેલા શિવમ એવેન્યૂ તરીકે ઓળખાતા બિલ્ડિંગમાં ગ્રાઉંડ ફ્લોર ઉપર આવેલ દુકાનમાં અમો દ્વારા વીજ જોડાણ માટે અરજી કરતાં પી.જી.વી.સી.એલ. પોરબંદરની કમલાબાગ સબ ડિવિઝન કચેરી દ્વારા અરજી સ્વીકારવાનો ઇનકાર કરેલ છે તેમજ વીજ જોડાણ આપવાનો ઇનકાર કરેલ છે અને આ અંગે વીજ જોડાણ ન આપવા અંગે ના કોઈ કારણો અમોને લેખિતમાં જણાવેલ નથી. અમો દ્વારા વાણિજ્ય હેતુ માટે નાનો ધંધો કરવા માટે સદર મિલકતની ખરીદી કરેલ હોય, પરંતુ વીજ જોડાણ ન મળવા ને કારણે અમો સદર જગ્યા ઉપર કોઈપણ વ્યવસાય ચાલુ કરી શકેલ નથી. અમારા દ્વારા પી.જી.વી.સી.એલ.ની વેબસાઇટમાથી મળેલ માહિતી મુજબ તેમજ ગુજરાત રાજય વિજ નિયંત્રણ

આયોગ દ્વારા ઠેરવવામાં આવેલ નિયમો અંગે ચકસતા પી.જી.વી.સી.એલ. દ્વારા ફકત બે આધાર પુરાવા અરજદાર પાસેથી મેળવીને વીજ જોડાણ આપવાની જોગવાઈ છે જેમાં અરજદારની જગ્યા અંગેની માલિકી હક્ક પ્રસથાપિત કરતો આધાર પુરાવો અને અરજદારશ્રીનું ફોટો ઓળખ વાળું કોઇપણ દસ્તાવેજ ની નકલ. પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે અમો દ્વારા માલિકી હક્ક તરીકે રાજીસ્ટેર્ડ દસ્તાવેજ ની નકલ અને ઓળખ તરીકે આધાર કાર્ડ ની નકલ જોડી ને એ -1 ફોર્મ ભરીને અરજી પી.જી.વી.સી.એલ. ખાતે કરેલ હોવા છતા અમોને વીજ જોડાણ આપવા અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તમજ કમલાબાગ સબ ડિવિજન દ્વારા અમારી અરજી સ્વીકારીને નિયત રજીસ્ટ્રેશન ફી પણ સ્વીકારેલ નથી. હાલમાં માનનીય મુખ્યમંત્રી શ્રી દ્વારા ગુજરાત રાજય માં બિઝનેસ ને વૃધ્ધિ આપવા માટે એઝ ઓફ ડુઇનગ બિઝનેસ અંતર્ગત ઠેરવવામાં આવેલ નિયમોમાં પણ ઉપર જણાવ્યા મુજબ ફકત 2 દસ્તાવેજી પુરાવાઓ મેળવીને વીજ જોડાણ આપવાની જોગવાઇઓ હોવા છ્તાં પણ આજ દિન સુધી અમોને વીજ જોડાણ થી વંચિત રાખવામા આવેલ છે. આપ સાહેબ જાણો જ છો તેમ વીજળી હાલ ના સમય માં જીવન જરૂરિયાત ની બાબતમાં સમાવિષ્ટ થયેલ છે અને વીજળી વગર જીવનની કલ્પના પણ કરી શકાય તેમ નથી. આવી સ્થિતિ માં પણ અમોને વીજ જોડાણ થી વંચિત રાખવામા આવેલ છે તે ખુબજ ખેદ જનક બાબત છે. અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો ની પણ વિરુદ્ધ છે.આથી આપ સાહેબ સમક્ષ અમારી એજ અપીલ અને અરજ છે કે અમો ને અમારા ઉપરોક્ત સરનામે આવેલ દુકાન માં વીજ જોડાણ આપવા માટે આપના સ્તરેથી થી હુકમ કરીને અમો ને ન્યાય આપવામાં આવે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ શ્રી અવનીશભાઈ ભાવેશભાઈ બારાઈ દ્વારા અત્રેની વિભાગીય કચેરી હેઠળની કમલાબાગ પેટા-વિભાગીય કચેરી ખાતે વાડી પ્લોટ વિસ્તારમાં સીટી સર્વે નંબર.૨૩૮૫ પૈકી વોર્ડ નં.૩ માં ગ્રાઉન્ડ ફ્લોર ઓફીસ નં.૧ માં અરજદાર દ્વારા વીજ કનેક્શન માટે અરજી કરેલ છે.

૨.૧ અરજદારો દ્વારા જે દસ્તાવેજો વીજ કનેક્શન મેળવવા માટે રજુ કરેલ છે તેનો અભ્યાસ કરતા માલુમ પડેલ છે કે જીલ્લા કલેકટર કચેરી પોરબંદર તરફથી નં.કલક/પબર/નપલ/વંશી/ટી.પી.કેસ. નંબર૪/૨૦૨૦ થી કામચલાઉ મનાઈ હુકમ કરવામાં આવેલ છે જે અશ્વિન છોટાલાલ ચોલેરા, વાડી પ્લોટ વિસ્તાર અને સદર જગ્યામાં હોય, આથી આ હુકમ મુજબ સદર જગ્યા એ વીજ કનેક્શન માટે કમલાબાગ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારની અરજી પ્રોસેસ કરેલ નથી.

૨.૨ તા. ૨૩.૦૨.૨૦૨૨ ના રોજ અરજદાર શ્રી ને વિભાગીય કચેરી ખાતે રૂબરૂ બોલાવી અરજદાર શ્રી ની ફરિયાદ નો સંતોષ કારક નિકાલ કરી સમાધાન પત્રક માં સહી કરી આપવામાં આવેલ છે.જે આજ રોજ ફોરમ સમક્ષ રૂબરૂ આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની કમલાબાગ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ પોરબંદર શહેર વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૩.૦૨.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |